ગાંધીનગર ખાતે 'આંતરરાષ્ટ્રીય શ્રમિક દિવસ'ની ઉજવણી

શ્રમિકલક્ષી પ્રશ્નોના નિરાકરણ માટે અદ્યતન 'શ્રમ સેતુ પોર્ટલ' લોન્ચ કરાયું

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર ખાતે શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રી શ્રી બળવંતસિંહ રાજપૂતના અધ્યક્ષસ્થાને ૧લી મેએટલેકે, 'આંતરરાષ્ટ્રીય શ્રમિક દિવસ'નો ઉજવણી કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં શ્રમ અને રોજગાર મંત્રીશ્રીએ શ્રમયોગીઓની પાયાની જરૂરિયાતો પૂર્ણ કરતી વિવિધ યોજનાઓ અમલમાં મૂકી હતી. વડાપ્રધાનશ્રીએ શરુ કરેલી આ પહેલને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળની રાજ્ય સરકાર આગળ ધપાવીને શ્રમિકોના કલ્યાણ માટે આયોજનબદ્ધ રીતે કામ કરી રહી છે. મંત્રી શ્રી

શ્રમયોગીઓના પ્રશ્નોના નિરાકરણ માટે એક અભૂતપૂર્વ પહેલ હેઠળ 'શ્રમ સેતુ પોર્ટલ'નું લોન્ચિંગ કર્યું હતું.

આ પ્રસંગે શ્રમ અને રોજગાર મંત્રી શ્રી બળવંતસિંહ રાજપૂતે જણાવ્યું હતું કે, આજે શ્રમિક દિવસની સાથે જ ગુજરાતનો ૬ ઉમો સ્થાપના દિવસ પણ છે. ગુજરાતની વિકાસયાત્રા આજે સમગ્ર દેશ માટે પ્રેરણા બની છે, ત્યારે ગુજરાતના આ અવિરત વિકાસમાં રાજ્યના શ્રમિકોનું યોગદાન બહુમૂલ્ય રહ્યું છે. એટલે જ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાજપૂતે ઉમેર્યું હતું કે, રાજ્યના શ્રમયોગીઓ સન્માનભેર જીવન જીવી શકે તે માટે તેમના શિક્ષણ, આરોગ્ય, આવાસ અને આહાર સહિતની જીવન જરૂરિયાતની સુવિધાઓ પૂરી પાડવા માટે રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે. રાજ્યના શ્રમિકોને આર્થિક સંકટનો સામનો ન કરવો પડે તે માટે તેમના લઘુત્તમ વેતનમાં આજસુધીનો સૌથી વધુ ૨૫ ટકા જેટલો વધારો કર્યો છે. આ ઉપરાંત માત્ર પાંચ રૂપિયાના નજીવા દરે શ્રમિકોને ભોજન પણ પૂરું પાડનારું ગુજરાત દેશનું એકમાત્ર રાજ્ય બન્યું છે.

ગુજરાતના ૬ ઉમાં સ્થાપના દિન ગુજરાત ગૌરવ દિવસની જામનગરમાં ઉજવણી

દુનિયાભરમાં ગુજરાતીઓનું ગૌરવ વધ્યું છે. ગુજરાતે દેશને વિકાસનું મોડેલ આપ્યું છે.

ગાંધીનગર, તા. ૧

જામનગરમાં ગુજરાતનાં ૬ ઉમા સ્થાપના દિવસ 'ગુજરાત ગૌરવ દિવસ' ની રાજ્યકક્ષાની ઉજવણી અંતર્ગત આરોગ્ય અને ઉચ્ચ શિક્ષણમંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલે રૂ.૩૫૨ કરોડના ૫૫૩ વિકાસકાર્યોના ઈ-લોકાર્પણ, ઈ-ખાતમુહૂર્ત અને ઈ-ભૂમિપૂજન પ્રસંગે જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના રાષ્ટ્રીય નેતૃત્વ અને દિશાદર્શનમાં મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની આગેવાનીમાં ગુજરાતે દેશને વિકાસની નવી દિશા આપી છે. મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલે વર્ષ ૨૦૦૧માં તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં વિકાસનો પાયો નાખ્યો અને એ વિકાસયાત્રા પ્રત્યે સમગ્ર દેશને વિશ્વાસ જાગ્યો અને ગુજરાત મોડલને સમગ્ર દેશે સ્વીકારી શ્રી નરેન્દ્રભાઈ મોદીને વડાપ્રધાન બનાવ્યા એ પણ ગુજરાતનું ગૌરવ છે તેમ જણાવ્યું હતું.

મંત્રીશ્રીએ ગુજરાત સ્થાપના દિને ગુજરાતના નિર્માણમાં યોગદાન આપનાર શ્રી ઈન્દુલાલ યાજ્ઞિક, રવિશંકર મહારાજને યાદ કરી ૨૦મી સદીમાં દેશની આઝાદી, એકતા, અખંડીતતા માટે ગુજરાતના સપૂત મહાત્મા ગાંધી, સરદાર વલ્લભભાઈ પટેલનું નામ સુવર્ણ અક્ષરે લખાયું છે ત્યારે ૨૧ મી સદીમાં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી અને ગૃહમંત્રીશ્રી અમિતભાઈ શાહનું નામ સુવર્ણ અક્ષરે લખાશે કારણકે વડાપ્રધાનશ્રીએ દેશની સુરક્ષા તેમજ દેશને ગૌરવ અપાવવા માટે જે કાર્યો કર્યા છે તેનું આપણને ગૌરવ છે. એક ભારત શ્રેષ્ઠ ભારત અને કલ્ચર સિક્યોરીટીના સંદર્ભમાં મંત્રીશ્રીએ કહ્યું કે, આપણી સાંસ્કૃતિક વિરાસતો અને સાંસ્કૃતિક ઐક્યને ઉજાગર કરવા વડાપ્રધાને દેશને એક તાંતણે બાંધીને સાંસ્કૃતિક સ્થળોની ઓળખને પણ ઉજાગર કરી છે.

મંત્રીશ્રીએ વધુમાં કહ્યું કે, આરોગ્ય, શિક્ષણ અને માળખાગત વિકાસ સાથે જનસેવામાં ટેકનોલોજીનો સમન્વય કરીને ગુજરાત સરકારે ખેડૂતો, મહિલાઓ, ખેતમજૂરો અને છેવાડાના માનવીઓને સરકારી યોજનાઓનો લાભ મળે તે માટે રાજ્ય સરકારે પુરુષાર્થ કર્યો છે. સ્વાગત કાર્યક્રમ થકી લોકોના પ્રશ્નોનું નિવારણ આવ્યું છે. આરોગ્ય સેવાઓમાં ગુજરાતે વ્યાપક યોજનાઓનો અમલ કરીને આરોગ્ય સુખાકારી માટે લોકોની અપેક્ષા પ્રમાણે અમારી સરકારે કાર્ય કર્યું છે અને આ કાર્યમાં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની દીર્ઘદ્રષ્ટિ અને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વને લીધે નવા આયામો સિદ્ધ થયા છે.

મોડાસા ખાતે દિવ્યાંગ વિદ્યાર્થીઓને પગરખા વિતરણ

સતત ૩૫ વરસથી સંસ્થા સાથે સેવાકીય પ્રવૃત્તિઓમાં જોડાયેલા અરૂણ બુચનું વિશેષ સન્માન

ગાંધીનગર, તા. ૧

અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક મોડાસા ખાતેની શ્રી વી.એચ. ગાંધી બહેરા-મૂંગા શાળા ખાતે સામાજિક ન્યાય-અધિકારીતા-અન્ન અને નાગરિક પુરવઠા વિભાગના મંત્રી ભીખુસિંહજી પરમારની કારક ઉપસ્થિતિમાં દિવ્યાંગ વિદ્યાર્થીઓને પગરખા વિતરણ કરવામાં આવ્યું હતું. સતત ૩૫ વરસથી આ સંસ્થા સાથે સેવાકીય પ્રવૃત્તિઓમાં જોડાયેલાં વસાહત મહામંડળ ગાંધીનગર અને અરૂણોદય સેવા ટ્રસ્ટના પ્રમુખ અરૂણભાઈ બુચનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. અરૂણ બુચે એક સંદેશામાં જણાવ્યુ કે ૧૯૮૭થી શરૂ થયેલી આ સંસ્થા જરૂરિયાત લોકોને શિયાળામાં વસ્ત્રો, ઉનાળામાં પગરખાં, પક્ષીઓ માટે પરબ અને હરિદ્વારમાં ગંગાતટે અસ્થિ વિસર્જનની સેવાકીય પ્રવૃત્તિઓ કરે છે. અત્યાર સુધીમાં ૨,૭૮,૮૦૦ ઉપરાંતના પગરખાં વિતરણ કરાયું છે. આ પ્રસંગે અહીં ભણી-ગણીને રોજગારી મેળવતાં વિદ્યાર્થીઓને પણ સન્માનિત કરાયા હતા. જિલ્લા કલેક્ટર સુશ્રી પ્રશસ્તિ પારિક, સાર્વજનિક હોસ્પિટલના મંત્રી પિયુષભાઈ પટેલ, પૂર્વ સભાપતિ દાઉદભાઈ, સંસ્થા પ્રમુખ ડૉ. સી.બી. પટેલ, ઉપપ્રમુખ ડૉ. જીતુભાઈ પટેલ, સામાજિક ન્યાય અધિકારીતા વિભાગના જિલ્લાના અધિકારી ગણ ઉપસ્થિત રહ્યા હતા. આવકાર પ્રવચન ડૉ. જીતુભાઈ પટેલે કર્યુ હતુ. આભારવિધિ મનુભાઈ પટેલે કરી હતી. આ પ્રસંગે મોડાસાના પત્રકાર મિત્રો, બુચ સાહેબ વતી સન્માન સ્વીકારનાર કમલેશ પટેલ, ઉદ્યોગપતિ મુકેશભાઈ પટેલ, કપિલભાઈ પટેલ, ડૉ. દિલીપસિંહ બિહોલા, ભરતભાઈ પરમાર, ભરત કડિયા, વૈભવ રાઠોડ, જોશીભાઈ સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

AAPના પ્રદેશ અધ્યક્ષ ઈસુદાન ગઢવી વિરુદ્ધ નોંધાઈ FIR

અમદાવાદ, તા.૧

આમ આદમી પાર્ટીની મુશ્કેલીઓ ઓછી થવાનું નામ નથી લઈ રહી. સુરતમાં કોર્પોરેટરોએ કેસરિયો ધારણ કર્યા બાદ હવે આપના પ્રદેશ અધ્યક્ષ ઈસુદાન ગઢવી સામે એફઆઈઆર નોંધાઈ છે. એક નાગરિકની ફરિયાદના આધાર પર અમદાવાદ ક્રાઈમબ્રાંચે એફઆઈઆર નોંધી છે.

મન કી બાત કાર્યક્રમના ખર્ચ મુદ્દે નાગરિકોને ગેરમાર્ગે દોરવાનો ફરિયાદમાં આરોપ છે.

ઈસુદાને મન કી બાતના એક કાર્યક્રમમાં ૮ કરોડ ૩ લાખ ખર્ચ થતો હોવાનું ટ્વિટ કર્યુ હતું. ઈસુદાન વિરુદ્ધ ખોટી માહિતી પોસ્ટ કરી નાગરિકોને ઉશ્કેરવાનો આરોપ છે.

બે દિવસ અગાઉ કરેલું ટ્વિટ ગઈકાલે ઈસુદાન ગઢવીના ટ્વિટર હેન્ડલ પરથી હટાવાયું છે. હજુ ખેડૂતો પરથી નથી ટળ્યું માવઠાનું સંકટ. આગામી ચાર દિવસ જ નહીં પછી પણ કમોસમી વરસાદ પડશે. આ આગાહી હવામાન વિભાગે કરી છે. હવામાન વિભાગના અનુસાર, વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરના કારણે આગામી પાંચ દિવસ પડશે કમોસમી વરસાદ. એટલું જ નહીં આજથી ફરી નવું એક વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય થશે અને કમોસમી વરસાદ પડવાનું યથાવત રહેશે.

એચડીએફસી બેંકે તેના

એજન્ટો અને સહયોગીઓ માટે ડિજિટલ ડિસ્ટ્રિબ્યુશન પ્લેટફૉર્મ લૉન્ચ કર્યું

ગાંધીનગર, તા. ૧

અમદાવાદ, ૦૧ મે, ૨૦૨૩: ભારતની ખાનગી ક્ષેત્રની અગ્રણી બેંક એચડીએફસી બેંકે ડિજિટલ ડિસ્ટ્રિબ્યુશન પ્લેટફૉર્મ (ડીડીપી) - 'એચડીએફસી બેંક સ્માર્ટ સાથી' લૉન્ચ કર્યું છે, જે પોતાના તમામ યુઝરોને સલામત અને યુઝર-ફ્રેન્ડલી અનુભવ પૂરો પાડનારા અત્યંત સુદ્રઢ અને ડિજિટલ રીતે સક્ષમ ટેકનોલોજી આર્કિટેક્ચર પર નિર્માણ પામેલું અત્યાધુનિક સોલ્યુશન છે. આ લૉન્ચ ગ્રાહકોની વિકસતિ જતી જરૂરિયાતોને પૂરી કરનારા નવીન સોલ્યુશનો પૂરાં પાડવા માટેના એચડીએફસી બેંકના મિશનમાં એક મહત્ત્વનું સીમાચિહ્ન છે. આ પ્લેટફૉર્મ બિઝનેસ કૉરેસ્પોન્ડેન્ટ્સ (બીસી) અને બિઝનેસ ફેસિલિટેટર્સ (બીએફ)ને બેંક સાથે જોડવા માટે અત્યાધુનિક ટેકનોલોજી સોલ્યુશન્સનો ઉપયોગ કરશે. બિઝનેસ કૉરેસ્પોન્ડેન્ટ્સ અને બિઝનેસ ફેસિલિટેટર્સનું આ નેટવર્ક બેંકના ઉત્પાદનો અને સેવાઓને છેવાડાના માનવી સુધી પહોંચાડીને આર્થિક સમાવેશનને પ્રોત્સાહન પૂરું પાડશે. આ યુઝર-ફ્રેન્ડલી પ્લેટફૉર્મને વિકસાવવામાં અર્ધ-શહેરી અને ગ્રામ્ય ઈકોસિસ્ટમ અંગેની બેંકની ઊંડી સમજણનો ઉપયોગ કરવામાં આવ્યો છે. નાણાકીય સેવા વિભાગના સચિવ શ્રી વિવેક જોશી તથા એચડીએફસી બેંકના ગવર્મેન્ટ અને ઈન્સ્ટિટ્યૂશનલ બિઝનેસ, અલ્ટર્નેટ બેંકિંગ ચેનલ્સ અને પાર્ટનર્શિપ્સ, ઈક્વુલુસિવ બેંકિંગ ગ્રૂપ અને સ્ટાર્ટ-અપ્સના ગ્રૂપ હેડ સુશ્રી સ્મિતા ભગત દ્વારા દિલ્હીમાં 'એચડીએફસી બેંક સ્માર્ટ સાથી' પ્લેટફૉર્મને લૉન્ચ કરવામાં આવ્યું હતું.

મહારાણા પ્રતાપની પ્રતિમાનું અનાવરણ

રાજપૂત સમાજની વિવિધ સંસ્થાઓ દ્વારા મંત્રી ઋષિકેશભાઈ પટેલ સહિતના મહાનુભાવોનું અભિવાદન કરાયું

ગાંધીનગર, તા. ૧

જામનગરમાં જાજરમાન ગુજરાત ગૌરવ દિનની ઉજવણીના શુભ પ્રસંગે આરોગ્ય મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલના વરદ હસ્તે વીર શિરોમણી શ્રી મહારાણા પ્રતાપની કાંસ્ય પ્રતિમાનું અનાવરણ કરવામાં આવ્યું હતું.

અનાવરણ પહેલા કાર્યક્રમમાં ધારાસભ્ય શ્રી રીવાબા જાડેજાએ તલવાર તેમજ સાફો અર્પણ કરી મંત્રીશ્રીનું સ્વાગત કર્યું હતું. રાજપૂત સમાજની વિવિધ સંસ્થાઓ દ્વારા મહાનુભાવોનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

મંત્રીશ્રીએ પ્રતિમાનું અનાવરણ કરીને ચેતક પર અસવાર શ્રી મહારાણા પ્રતાપને નમન કર્યા હતા તેમજ પુષ્પાંજલિ અર્પણ કરી હતી. આ પ્રસંગે હેલિકોપ્ટર માંથી પ્રતિમા પર પુષ્પવર્ષા કરવામાં આવી હતી. ક્ષત્રિય પરંપરા મુજબનો તલવાર રાસ રજૂ કરવામાં આવ્યો હતો.

મંત્રીશ્રી દ્વારા ઉદઘાટિત આ પ્રતિમા ૭.૪ ફૂટ ઊંચી છે તેમજ ૧૧૦ કિલો વજન ધરાવે છે. મેવાડના મહારાણા ઉદયસિંહ બીજા તેમજ મહારાણી શ્રી જયવંતાબાઈના પુત્ર અને મુગલોને પરાજિત કરનારા સિસોદિયા રાજવંશના મહાન યોદ્ધા શ્રી મહારાણા પ્રતાપની પ્રતિમા જામનગરમાં ગૌરવ પથ પર કોર્ટ બિલ્ડિંગ સામેના સર્કલ ખાતે પ્રસ્થાપિત કરવામાં આવી છે. આ સર્કલને મહાનગરપાલિકા દ્વારા ૧૫માં નાણાંપંચની ગ્રાન્ટમાંથી શ્રી મહારાણા પ્રતાપ સર્કલ તરીકે વિકસાવવામાં આવ્યું છે, જે શહેરના મુખ્ય માર્ગોમાંના એક એવા ગૌરવ પથની શોભામા અભિવૃદ્ધિ કરશે. ઉલ્લેખનિય છે કે, ઉદઘાટન પ્રસંગે આ પ્રતિમા રાત્રે વિશેષ લાઈટિંગથી ઝળહળી ઉઠશે.

સિસ્ટમ લગાવાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સિસ્ટમ લગાડવાનો નિર્ણય પાટનગર યોજના વિભાગ દ્વારા કરવામાં આવ્યો છે. તેના પાછળ રૂપિયા અંદાજિત ૨. ૯૮કરોડનો ખર્ચ કરવામાં આવશે સુત્રોમાંથી પ્રાપ્ત થતી માહિતી અનુસાર આ સંબાધમાં વધુમાં વધુ બે મહિનામાં વહીવટી અને તાંત્રિક પ્રક્રિયા પૂર્ણ કરીને સુરક્ષા વ્યવસ્થાનું આયોજન કરવામાં આવશે જેમાં આગ અકસ્માતના સંજોગોમાં સલામતીના પરિબળો જળવાય તે મુજબનું આયોજન કરવામાં આવશે

જયારે સી કક્ષાના આ આવાસમાં પ્રત્યેક મકાનમાં રૂમમાં અને રસોડામાં કબાટ આપવામાં આવ્યા છે જેને બંધ કરી શકાય તેવા બારણા, દરવાજા લગાવી આપવા માટે અહીં રહેતા સરકારી કર્મચારીઓ દ્વારા લાંબા સમયથી માંગણી કરવામાં આવી રહી હતી. આખરે તંત્ર દ્વારા માંગણીને યોગ્ય ગણીને તમામ ક્વાર્ટરમાં કબાટને શટર લગાવવા માટે રૂપિયા ૧.૩૭ કરોડના ખર્ચને મંજુરી આપવામાં આવી છે આગામી દિવસોમાં કામ હાથ ધરવામાં આવશે.

એક કેસ નોંધાયો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વરસોડા ગામેથી ૭૦ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં હાલ ૩૪ કેસ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. મોટા ભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ હોવાથી તંત્રએ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તે જોવા જણાવ્યુ છે. ગ્રામ્ય વિસ્તારમાં એક હજારથી વધુ લોકોને હોમ આઈસોલેટ કરવામાં આવ્યા છે.

ઘટાડાના ટ્રેન્ડ સાથે રિકવરી રેટ ૯૭ ટકાને પાર થતાં તંત્રએ રાહતની લાગણી અનુભવી છે. કોરોનાના કેસો નોંધાયા હોવા છતાં હળવા લક્ષણો ધરાવતા દર્દીઓ હોવાથી હોસ્પિટલાઈઝેશન રેટ પણ નહિવત્ નોંધાયો છે.

ઘટાડો

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઉપલબ્ધ હતું. આજે તેની કિંમત ઘટીને રૂ.૧૮૫૬.૫૦ થઈ ગઈ છે. એટલે કે છેલ્લા એક વર્ષમાં તેની કિંમતમાં માત્ર દિલ્હીમાં ૪૯૯ રૂપિયાની રાહત મળી છે. ૧ મે, ૨૦૨૩ના રોજ ઘરેલુ એલપીજી સિલિન્ડરના દરમાં ઘટાડા બાદ તેની કિંમતો દેશભરમાં લાગુ થઈ ગઈ છે. આ નવા કોમર્શિયલ ગેસના ભાવ સોમવાર, ૧ મેથી લાગુ થશે. આ વખતે ગેસ સિલિન્ડરની કિંમતમાં એક જ ઝાટકે ૧૭૧.૫૦ રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો છે. કોલકાતામાં કોમર્શિયલ રાંધણ ગેસ સિલિન્ડર અને ઔદ્યોગિક ગેસ સિલિન્ડર ની વર્તમાન કિંમત ૨,૧૩૨ રૂપિયા હતી. આ બંને પ્રકારના ગેસ સિલિન્ડરની કિંમતમાં ૧૭૧.૫૦ રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો છે. પરિણામે, કોલકાતામાં કોમર્શિયલ સેક્ટરમાં વપરાતા ૧૯ કિલોના એલપીજી અને આરએસપી ગેસ સિલિન્ડરની નવી કિંમત ઘટીને ૧,૯૬૦.૫૦ રૂપિયા થઈ ગઈ છે. આ નવી કિંમતો આજથી એટલે કે ૧ મેથી લાગુ થઈ ગઈ છે. જો કે કોમર્શિયલ ગેસ સિલિન્ડરની કિંમતમાં થયેલા ઘટાડાથી મધ્યમ વર્ગ તેમજ ઉદ્યોગપતિઓ અને હોટેલીયર્સને થોડી રાહત મળી છે. કારણ કે ઘણા મધ્યમ વર્ગ હોટલના વ્યવસાય અને એલપીજી સંચાલિત કારના વ્યવસાય સાથે સંકળાયેલા છે. ઈંધણ તેલના ભાવમાં સતત વધારા વચ્ચે કોમર્શિયલ ગેસના ભાવમાં ઘટાડો થતાં તેમને ઘણી રાહત મળી છે. આ સિવાય કોમર્શિયલ ગેસના ભાવમાં ઘટાડો થવાને કારણે એલપીજીથી ચાલતી કારના ભાડામાં વધારો થવાની કોઈ શક્યતા નથી.

ચૂંટણી ઢંઢેરો

● અનુસંધાન પહેલાનું ચાલુ

બીપીએલ કાર્ડધારક પરિવારને અડધો લીટર નંદીની દૂધ આપવાનું વચન આપ્યું છે. પાર્ટીએ ગરીબ લોકોને રાજ્યમાં ૧૦ લાખ ઘર આપવાની જાહેરાત કરી છે. જ્યારે સામાજિક ન્યાય નિધિ સ્કીમ હેઠળ એસસી-એસટી મહિલાઓને પાંચ વર્ષ માટે ૧૦ હજાર રૂપિયાની એફડી કરવાનું વચન આપ્યું છે. આ સાથે જ ભાજપે વચન આપ્યું છે કે તે કર્ણાટક એપાર્ટમેન્ટ સ્વામિત્વ અધિનિયમ ૧૯૭૨માં સુધાર કરશે. આ માટે કર્ણાટક રેસિડેન્સ વેલફેર કન્સલ્ટેટિવ કમિટીની રચના કરવામાં આવશે. જો કે બેંગ્લુરુમાં અપાર્ટમેન્ટમાં રહેતા લોકોના લિવિંગ સ્ટાન્ડર્ડમાં સુધાર કરશે.

આગથી

● અનુસંધાન પહેલાનું ચાલુ

આવી જતા ભારે અફરાતફરી મચી ગઈ હતી. ઉપરાંત આસપાસમાં રહેતા લોકો દોડી ગયા હતા. આગની જ્વાળા આકાશમાં દૂર દૂર સુધી ફેલાઈ જતા લોકોમાં ગભરાટ મચી ગયો હતો.

આગને પગલે દમણ, સેલવાસ, વાપી સહિતના વિસ્તારના ફાયર ફાઈટરના બંબા ઘટના સ્થળે દોડી ગયા હતા. લાશકરોએ ભિષણ આગને કાબુમાં લેવા હાથ ધરેલી કવાયત દરમિયાન લગભગ ત્રણથી ચાર કલાક બાદ આગ પર કાબુ મેળવાયો હતો.

જો કે કોઈ જાનહાની થઈ ન હતી. પોલીસનો કાફલો પણ ઘટના સ્થળે પહોંચી ગયો હતો. આગ કયા કારણોસર લાગી તે અંગે હાલ કોઈ કારણ બહાર આવ્યું નથી. પરંતુ શોર્ટ સર્કિટને કારણે આગ લાગી હોવાનું હાલ અનુમાન લગાવાયું છે. એફએસએલ રિપોર્ટ બાદ જ કારણ બહાર આવી શકશે. આગને પગલે કંપનીને ભારે નુકશાન થયાનો અંદાજ આંકવામાં આવ્યો છે.